આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અશરફ નથવાણી

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **04-09-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## પ્રધાનમંત્રી-બ્રુનેઇ પ્રવાસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રુનેઇ અને સિંગાપોરનાં પ્રવાસનાં પ્રથમ તબક્કામાં ગઈકાલે બાન્દર સેરી બેગવાન પહોંચ્યા હતા. બ્રુનેઇના ક્રાઉન પ્રિન્સ હાજી અલ-મુહતાદીએ શ્રી મોદીનું સ્વાગત કર્યું હતું. બ્રુનેઇ આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતે શ્રી મોદીને પ્રાસંગિક આવકાર આપવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રીએ બાન્દર સેરી બેગવાન ખાતે ભારતીય દૂતાવાસની નવી ચાન્સરીનું ઉદઘાટન કર્યું હતું. શ્રી મોદીએ સુલતાન ઉમર અલી સૈફુદ્દીન મસ્જિદની મુલાકાત લીધી હતી. ભારતના કોઈ પ્રધાનમંત્રી દ્વારા બ્રુનેઇની આ પ્રથમ મુલાકાત છે. બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાને 40 વર્ષ પૂર્ણ થયા છે ત્યારે આ મુલાકાત યોજાઈ રહી છે.

**RNU** અમદાવાદ

---

## રાજ્યમાં વરસાદ

રાજ્યનાં 187 જિલ્લાઓમાં ગઈકાલે સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ભરૂચ જિલ્લાના વાલિયામાં 6.14 ઇંચ તેમજ નેત્રંગમાં પાંચ ઇંચ વરસાદ થયાના અહેવાલ છે. સુરતના ઉમરપાડામાં 4 ઇંચ, અને વલસાડમાં 4 ઇંચ વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને કારણે ભરૂચ અને અંકલેશ્વર શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે.

**RNU અમદાવાદ**

---

## મુખ્યમંત્રી-વરસાદી સ્થિતિની સમીક્ષા

રાજ્યમાં વરસાદી સ્થિતિની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિડિયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા કરી હતી.

અસરગ્રસ્ત જીલ્લાના કલેકટરો સાથે તેમણે વાતચિત કરતાં કહ્યું કે હવે જ્યારે વરસાદે વિરામ લીધો છે અને વરસાદી સ્થિતિમાંથી બહાર આવી રહ્યા છીએ ત્યારે અસરગ્રસ્ત જિલ્લાઓમાં સફાઈ લોકોની આરોગ્ય સુખાકારી, માર્ગોની તાકીદે મરામતને અગ્રતા આપવા મુખ્યમંત્રીએ તાકિદ કરી હતી..તાત્કાલિક સર્વે કરીને કેશડોલ્સ અને ઘરવખરી સહાયનું પણ ચૂકવણું અસરગ્રસ્તોને ત્વરીતે થાય તેને પ્રાધાન્ય આપવા તેમણે જીલ્લા કલેકટરોને સૂચના આપી હતી.

---

## માળિયા-મીઠાના જથ્થાને નુકસાન

મચ્છુ ડેમમાંથી છોડવામાં આવેલ પાણીથી માળિયાના મીઠાના અગરોમાં અને ફેક્ટરીઓમાં તૈયાર પડેલા મીઠાના જથ્થાને નુકશાન થયું છે. માળિયા વિસ્તારમાં અંદાજીત 500 જેટલા 10 એકર વાળા અગરિયાઓ તેમજ 100 જેટલા નાના, મધ્યમ અને મોટા કારખાનાઓ આવેલા છે.

મરીન સોલ્ટ મેન્યુફેક્ચર એસોસીએશને સરકારને સહાય માટે રજૂઆત કરી છે.

ઉલ્લેખનીય છે કે, દેશના  75 ટકા મીઠાનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. જે પૈકી કચ્છ પ્રથમ અને માળીયા બીજા નંબરે  છે. માળીયામાં દર વર્ષે અંદાજીત 40 થી 45 લાખ ટન મીઠાનું ઉત્પાદન થાય છે.

અશરફ નથવાણી

---

## તટરક્ષ દળના હેલિકોપ્ટરનું ક્રેશ લેન્ડિંગ

પોરબંદર પાસે અરબી સમુદ્રમાં તટરક્ષક દળનું હેલીકોપ્ટર તૂટી પડતાં બે જવાનોનાં મોત થયાં છે.

પોરબંદરથી 45 કિલોમીટર દૂર માંગરોળના દરિયામાં એક ખલાસીને બચાવવા તટરક્ષક દળનું હેલીકોપ્ટર 4 જવાનો સાથે રવાના થયું હતું. ઘટના સ્થળે આ હેલીકોપ્ટર ઇમરજન્સી લેન્ડિંગ દરમિયાન તૂટી જઇ દરિયામાં ખાબક્યું હતું. ચાર જવાનો પૈકી એક જવાનને બચાવી લેવાયો હતો, જ્યારે લાપતા બનેલા 3 જવાનોને શોધી કાઢવા 4 શીપ અને બે હેલીકોપ્ટરની મદદ લેવાઇ હતી.

આ શોધખોળ અભિયાનમાં 3 પૈકી બે જવાનોનાં મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે હજુ એક જવાનની ભાળ મળી નથી. જેની શોધખોળ ચાલી રહી છે.

**RNU અમદાવાદ**

---

## મુન્દ્રા કસ્ટમ વિભાગે સોપારીનો જથ્થો પકડ્યો

મુદ્રા બંદર પરથી કસ્ટમ વિભાગને સોપારીનો મોટો જથ્થો ઝડપવામાં સફળતા મળી છે.

મુન્દ્રા કસ્ટમે 3 કરોડની કિંમતની સોપારી ઝડપી પાડી છે. કાસેઝ જતા પહેલા જ મળેલી  બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ જથ્થો ઝડપાયા બાદ  તપાસમાં પ્લાસ્ટિકના દાણાની આડમાં દુબઈથી આવેલો 53 ટનનો સોપારીનો જથ્થો જપ્ત કરાયો હતો. પ્રાથમિક તપાસમાં મળેલી માહિતીના આધારે બે મોટા 40 ફૂટ

સાઈઝના કન્ટેનરમાં સોપારીની ગુણીઓ ભરેલો જથ્થો મળી આવ્યો હતો. કસ્ટમે સોપારીનો જથ્થો ઝડપીને તેની તપાસ શરૂ કરી છે. જથ્થો કોના દ્વારા મોકલાયો અને ક્યાં જવાનો હતો તેની તપાસ કસ્ટમ વિભાગ કરી રહ્યું છે.

**અશરફ નથવાણી**

---

## ભુજ-લનિયા રેલવે ટ્રેક

નલિયા રેલવે ટ્રેક ટેસ્ટિંગ માટે અમદાવાદથી આવેલ ખાસ ટીમ દ્વારા આઈ.સી.એફ. એસી એન્જિન ભુજથી નલિયા સુધીના રેલવે ટ્રેક પર દોડાવાયું હતું. રેલવે દ્વારા આ પહેલા ભુજથી અબડાસા તાલુકાના સણોસરા સુધી પેસેન્જર ટ્રેન દોડાવીને સફળ પરીક્ષણ કરાયું હતું. ત્યારબાદ ફરી ગઇકાલે સણોસરાથી નલિયા વચ્ચેના રેલવે ટ્રેકનું નિરીક્ષણ કરાયું હતું. અમને મળેલી વિગતો મુજબ હાલ ભુજથી સણોસરા સુધી રેલવે સંપૂર્ણ તૈયાર થઈ ગયું છે અને તેના પર મુસાફર ટ્રેન તથા માલગાડી દોડાવી શકાય તેમ છે ત્યારે સણોસરાથી નલિયા સુધીના ટ્રેકમાં ખામીઓ દૂર કરાયા બાદ ફરી રેલવે ટ્રેકનું ટેસ્ટિંગ થશે અને ત્યારબાદ રેલ્વે દ્વારા મુસાફર ટ્રેન દોડાવવાની મંજૂરી અપાશે.

**N.P. / અશરફ નથવાણી**

---

## કચ્છમાં રાશનકાર્ડ-ઇકેવાયસી કામગીરી

કચ્છમાં રાશનકાર્ડ હેઠળ તમામ સભ્યોના ઇ-કેવાયસી કરાવવાની કામગીરી ચાલી રહી છે તે વચ્ચે જે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળે છે તેમને શિષ્યવૃતી મેળવવામાં અગવડતા ન પડે તે માટે વિદ્યાર્થીઓના ઇ-કેવાયસીની કામગીરી 10 દિવસમાં પૂર્ણ કરવા કલેક્ટર અમિત અરોરાએ સંબંધીત વિભાગોના અધિકારીઓને તાકીદ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શિષ્યવૃત્તિ મેળવતા હોય તેવા કચ્છની સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી શાળાઓમાં 4,45,987 છાત્રો નોંધાયેલા છે.

**N.P. / અશરફ નથવાણી**

---

## પ્રધાનમંત્રી આવાસ યોજના

શ્રમ અને રોજગાર મંત્રાલયે વંચિત શ્રમિકોને પણ પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં લાભો પૂરા પાડવા હિલચાલ શરૂ કરી છે. મંત્રાલયે તમામ રાજ્ય સરકારોને પત્ર લખીને પરપ્રાંતિયો, બાંધકામ ક્ષેત્ર, બીડી શ્રમિકો, સિનેમા ક્ષેત્રનાં કર્મચારીઓ, કોલસા સિવાયની ખાણોનાં શ્રમિકો અને અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકોને પણ આવાસ યોજનામાં સમાવવા વિનંતી કરી છે.

**RNU અમદાવાદ**

---